



# એક્ટિંગ, ડાન્સ અને મ્યૂઝિકના રંગો



ગુજરાત યુનિવર્સિટીના એલિસબ્રિજ નોર્થ ઝોનના યુથ ફેસ્ટિવલ 'મેઘધનુષ 2015'ના બીજા દિવસે સ્ટુડન્ટ્સે ફોકડાન્સ, માઇમ, વેસ્ટર્ન ગ્રુપ સોંગ, મિમિક્રી, ક્વીઝ, ડિબેટ, ક્લે મોડેલિંગ, રંગોળી સ્કિટ, મોનો એક્ટિંગ અને ક્લાસિકલ ઇન્સ્ટ્રુમેન્ટલ જેવી ઇવેન્ટ્સમાં પોતાની ટેલેન્ટ બતાવી હતી. એમ જી સાયન્સ કોલેજના યજમાનપદે યોજાયેલા આ યુથ ફેસ્ટિવલના છેલ્લા દિવસે સ્ટુડન્ટ્સને ઇનામો પણ અપાયાં હતાં.





## આઇટી ઇવેન્ટમાં વિદ્યાર્થીઓએ ટેકનીકલ ગેમ્સ દ્વારા ટેલેન્ટ બતાવ્યું

આશ્રમ રોડ ખાતે આવેલી નવગુજરાત કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન દ્વારા આઇ.ટી ઇવેન્ટસનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમા આઇ.ટી રંગોળી, લોગો ડિઝાઇનિંગ, સી પ્રોગ્રામીંગ કોડિંગ, આઇ.ટી ક્વીઝ, આઇ.ટી આઇડિયા, આઇ.ટી વન મીનીટ શો, વેબ ડિઝાઇનીંગ જેવી વિવિધ ઇવેન્ટ્સ ૧૭મી ફેબ્રુઆરીએ યોજાઇ હતી. જેમાં ૧૦૦ કરતા વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઇવેન્ટમાં ખાસ કરીને નવા આઇડિયા અને વેબ ડિઝાઇનીંગ તેમજ લોગો ડિઝાઇનીંગ વિદ્યાર્થીને ભવિષ્યમાં પગભર કરી શકે તેવી ઇવેન્ટસ હતી.



નવગુજરાત કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશનમાં વિદ્યાર્થીઓએ સ્ટડીના ભાગરૂપ દ્વિતીય તથા તૃતીય વર્ષ બીસીએમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે ગ્રુપ ડિસ્કશનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં 'ભારતમાં કેશલેસ પ્રણાલી' ઉપર ચર્ચા કરી હતી. આ કાર્યક્રમ વિદ્યાભવન ટ્રસ્ટની ચીફ એડવાઈઝર તથા ટ્રસ્ટ મેન્ટર એ.યુ. પટેલ માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. ગ્રુપ ડિરકશન અલગ અલગ ટીમ બનાવવામાં આવી હતી. આ ચર્ચાને અંતે ડાયરેક્ટર ડો. વિમલ પંડ્યાએ ઉપસંહાર રજૂ કર્યો હતો. આ કાર્યક્રમમાં પ્રા. વિભૂતી જાની, પ્રા. કૌંશર ઘાંચી, પ્રા. શઈતલ ઘુમાલે, પ્રા. મૌલિક પટેલની મદદ લેવામાં આવી હતી.

સૂર્યકાલ
પેજ નં. ૫
તા. ૨૮/૧૨/૨૦૧૬.
બુધવાર.

# નવગુજરાત કોલેજ ડિજિટલ કેમ્પસ બન્યું

**અમદાવાદ :** નવગુજરાત કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન (બીસીએ) કોલેજએ ડિજિટલ કેમ્પસ તરીકે પ્રયાણની શરૂઆત કરી છે. વિદ્યાભવન ટ્રસ્ટના ચીફ એડવાઈઝર એ.યુ. પટેલ તથા કોલેજના ડાયરેક્ટર ડો. વિમલ પંડ્યાએ ડિજિટલ કેમ્પસની શરૂઆત કરાવી હતી. આ કેમ્પસથી વિદ્યાર્થી, ફેકલ્ટી, મેનેજમેન્ટ, વાલીઓને ફાયદો થશે. જેમાં વિદ્યાર્થીઓને ડિવિઝન મુજબ તથા સેમેસ્ટર મુજબ નોટિસ મોકલી શકાશે. આ નોટિસમાં અભ્યાસ, સેમિનાર, વર્કશોપ, રજા વગેરેની માહિતી મોકલવામાં આવશે.

# નવગુજરાત કોલેજનો વાર્ષિકોત્સવ



નવગુજરાત કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશનના ૧૭મા વાર્ષિકોત્સવની ઉજવણી ૧૮ વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. આ વાર્ષિકોત્સવમાં વર્ષ દરમિયાન થયેલા વિવિધ પ્રવૃત્તિઓમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને સન્માનવા ઉપરાંત સેમેસ્ટર-૬માં અભ્યાસ કરતા સાત વિદ્યાર્થીને નોકરી મળી તેને સત્કારવાનો કાર્યક્રમ કર્યો હતો.